## (1) NCPCR વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ છે.
(2) તે એક વૈધાનિક સંસ્થા છે.
(3) તે માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
(4) તેનું કાર્ય એ વાતનું ધ્યાન રાખવાનું છે કે દરેક કાયદા, નિયમ, કાર્યક્રમો વગેરે બંધારણમાં સૂચવવામાં આવેલ બાળ અધિકારોની સાથે સંગત હોવા જોઈએ.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ NCPCRનું પૂરુંનામ નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની સ્થાપના માર્ચ 2007માં, કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (CPCR) અધિનિયમ, 2005 હેઠળ કરવામાં આવેલી છે. આથી, તે એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેનું કાર્ય એ બાબતનું ધ્યાન રાખવાનું છે કે, ભારતના દરેક કાયદા, નિયમ, કાર્યક્રમો વગેરે ભારતના બંધારણ તથા સંયુક્ત રાષ્ટ્રના બાળ અધિકાર અધિવેશન, 1989 સાથે સુસંગત હોવા જોઈએ. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તે POCSO અધિનિયમ, 2012ની દેખરેખ રાખવાની તથા તેનું અમલીકરણ કરાવવાની પણ સત્તા ધરાવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ASEEM પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Aatamanirbhar Skilled Employee Employer Mapping છે.

(2) આ પોર્ટલ દ્વારા કુશળ લોકોને ટકાઉ રોજગારીની તક મેળવવામાં મદદ મળશે.

(3) આ પોર્ટલ સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલયનું છે.

(4) પોર્ટલનું નિર્માણ NIC દ્વારા કરવામાં આવેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા (સ્કીલ ડેવલપમેન્ટ) મંત્રાલય દ્વારા ASSEM પોર્ટલ લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અહીં, ASEEMનું પૂરુંનામ Atamanirbhar Skilled Employee-Employer Mapping છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પોર્ટલ દ્વારા કુશળ/કૌશલ્યવાન લોકોને ટકાઉ રોજગારીની તક મેળવવામાં મદદ મળશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પોર્ટલનું નિર્માણ NSDC દ્વારા 'બેટરપ્લેસ' નામની કંપની સાથેના સહયોગથી કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ NSDનું પૂરુંનામ નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન છે.

⇛ આ પોર્ટલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરવામાં આવેલો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક વૈધાનિક સંસ્થા છે.

(2) તેની સ્થાપના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

(3) સ્કીલ ઈન્ડિયા પોર્ટલ એ NSDCની પહેલ છે.

(4) NSDCમાં ખાનગી ક્ષેત્ર પણ સમાવિષ્ટ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ NSDC એ એક બિનનફાકારી કંપની છે. તેની સ્થાપના 2008માં કંપની અધિનિયમ, 1956 મુજબ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેની સ્થાપના નાણા મંત્રાલય દ્વારા જાહેર–ખાનગી ભાગીદારી (PPP) મોડેલ મુજબ કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કંપનીમાં કૌશલ્ય મંત્રાલય 49% શેર ધરાવે છે જ્યારે અન્ય 51% શેર ખાનગી ક્ષેત્રના છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેનો હેતુ મોટી તથા ગુણવત્તાવાન સંસ્થાઓના નિર્માણમાં મદદ કરીને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

⇛ સ્કીલ ઈન્ડિયા પોર્ટલ એ NSDCની પહેલ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(4) દેહીંગ પટકાઈ વન્યજીવ અભ્યારણ્ય વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અભ્યારણ્ય આસામમાં આવેલું છે.

(2) આ અભ્યારણ્યને 'જૈપોર વરસાદી જંગલ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

(3) દેહીંગ એ એક નદી છે જ્યારે પટકાઈ એક ટેકરી છે.

(4) અહીં, યુરેનિયમનો જથ્થો મળી આવેલો હોવાથી આ વિસ્તાર ચર્ચામાં છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ આસામ રાજ્યએ દેહીંગ પટકાઈ વન્યજીવ અભ્યારણયને રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાનો નિર્ણય લીધો છે.

⇛ અહીં, કોલસાના મોટા સ્ત્રોતો છે. તથા તાજેતરમાં કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL)ને અહીં, ઉત્ખનન કરવાની મંજૂરી અપાતા આ વિસ્તાર ચર્ચામાં છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ અભ્યારણ્ય આસામના દિબરુગઢ તથા તિનસુકીયા જિલ્લામાં આવેલું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ જિલ્લામાંથી કોલસા ઉપરાંત કાચું તેલ પણ મળે છે.

⇛ આ અભ્યારણયને જૈપોર વરસાદી જંગલ તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વિસ્તારમાંથી દેહીંગ નામની નદી પસાર થાય છે તથા પટકાઈ ટેકરીઓના તળીયે આ વિસ્તાર આવેલો છે. આથી, આ અભ્યારણયને દેહીંગ–પટકાઈ કહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) અપાચે હેલિકોપ્ટર્સ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ હેલિકોપ્ટર્સ બોઈંગ કંપનીના છે.

(2) આ હેલિકોપ્ટર્સ નું મેઈન્ટેનન્સ સરળ છે.

(3) તેમાં એન્ટિ–ટેન્ક મિસાઈલ ફાયર કરવાની ક્ષમતા છે.

(4) આ હેલિકોપ્ટર્સ Mi-35 ચોપર્સનું સ્થાન લેશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં બોઈંગ કંપની દ્વારા ભારતીય વાયુ સેનાને અંતિમ પાંચ AH-64E અપાચે એટેક હેલિકોપ્ટર્સ સોંપવામાં આવ્યાં છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ ભારતે કુલ 22 અપાચે હેલિકોપ્ટર્સ તથા 15 ચિનૂક હેલિકોપ્ટર્સ બોઈંગ કંપની પાસેથી ખરીદેલાં છે.

⇒ આ હેલિકોપ્ટર્સ દરેક ઋતુમાં ક્ષમતા ધરાવતા, સરળ મેઈન્ટેનન્સ, વધુ ચપળતા તથા ડેમેજ સહન કરી શકતાં હેલિકોપ્ટર્સ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ હેલિકોપ્ટર્સમાં એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ, એર–ટુ–એર મિસાઈલ વગેરેને ફાયર કરવાની ક્ષમતા છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ હેલિકોપ્ટર્સની અન્ય ખાસિયતો : $360^0$ કવરેજ ધરાવતી રડાર, નાઈટ વિઝન સિસ્ટમ, યુદ્ધ સમયની તસ્વીરો આદાન–પ્રદાન કરવા માટે નેટવર્કીંગ વગેરે.

⇒ આ હેલિકોપ્ટર્સ ભારતના Mi-35 ચોપર્સનું સ્થાન લેશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT